# વિદ્યુત સહાયકની પોલ કલાઈમબીંગ પરીક્ષામાં પોલંપોલ


## હિંમતનગર ખાતે યોજાયલ પ્રેક્ટીકલ પરીક્ષામાં ભારે ગેરરીતીનો આક્ષેપ


મોડાસા, તા. ૨૨

ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ (GEB)નું ખાનગીકરણ થયા પછી ખાનગી કંપનીઓ ભરતી પ્રક્રિયામાં કૌભાંડ આચરી બેરોજગાર યુવાનો સામે અન્યાય કરી રહી હોવાની બૂમો છાસવારે પડતી રહે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ કંપનીમાં જુનીયર આ.એંજીનીયર, કલાર્કની ભરતીમાં નોકરી માટે રીતસરના કાવડિયા બોલતા હોવાની ચર્ચાએ ચકચાર મચાવી હતી ત્યારે વિદ્યુત સહાયકની પ્રેક્ટીકલ પરીક્ષામાં પણ ભારે ગેરરીતી આચરવામાં આવી હોવાની બૂમો ઉઠી છે એક અરજદાર યુવકે તો વિજીલન્સ દ્વારા સમગ્ર પ્રેક્ટીકલ ભરતી પ્રક્રિયાની તપાસ કરવામાં આવેતો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય તેવું આત્મવિશ્વાસ સાથે ભાર પૂર્વક જણાવ્યું હતું.

યુજીવીસીએલની વધુ એક ભરતી પ્રક્રિયામાં અન્યાય થયો હોવાની બૂમો ઉઠી રહી છે યુજીવીસીએલ દ્વારા વિદ્યુત સહાયકની જાહેરાત બહાર પાડવામાં આવી છે જેમાં પોલ કલાઈમર્બીંગ તરીકે લેવાતી પ્રેક્ટીકલ પરીક્ષામાં ભારે ગેરરીતી આચરવામાં આવી હોવાનો આક્ષેપ અનેક અરજદારોએ કર્યો છે જેમાં હિંમતનગર વર્તુળ દ્વારા લેવાયેલ પોલ કલાઈમબીંગ પરીક્ષામાં પોલ પર નીયત કરેલ સમયમર્યાદામાં અરજદારો ચઢી ગયા હોવા છતાં નાપાસ કરવામાં આવ્યા હોવાની સાથે વધુ સમય દર્શાવી ઓછા માર્ક આપી તેમજ પરીક્ષા લેનાર અધિકારીઓએ તેમના મળતિયા યુવકોને પોલ પર ચઢવા માટે બીજો પ્રયત્ન પણ આપવામાં આવ્યો હોવાનો એક અરજદારે આક્ષેપ કર્યો છે સમગ્ર પ્રેક્ટીકલ પરીક્ષાની વીડિયોગ્રાફીનું હેડ ઓફિસ દ્વારા તપાસ કરવામાં આવેતો મસમોટું કૌભાંડ બહાર આવી શકે છે




હિંમતનગર સર્કલ ઓફિસ દ્વારા થોડા સમય અગાઉ યુજીવીસીએલની પોલ કલાઈમબીંગ પરીક્ષા યોજાઈ હતી જેમાં ધવલ કુમાર જે પ્રણામી નામના યુવકે પ્રેક્ટીકલ પરીક્ષામાં હાજર રહી સમયમર્યાદામાં પોલ પર ચઢી ગયો હોવા છતાં તેને નાપાસ કરતા આઘાતમાં સરી પડ્યો હતો આખરે યુવાને અન્યાય થયો હોવાનો અહેસાસ થતા હિંમતનગર વર્તુળ કચેરીના જવાબદાર અધિકારીઓને લેખીત રજુઆત કરતા અને વીડિયોગ્રાફી જોવાંની માંગ કરતા અધિકારીઓએ યુવકને મહેસાણા હેડ ઓફિસે ધક્કો મારતા યુવક હક્કની લડાઈ માટે મહેસાણા હેડ ઓફિસ એમડીને રજુઆત કરવા પહોંચતા એમડીનો સંપર્ક ન થતા અન્ય અધિકારીએ યુવકની રજુઆત સાંભળી હિંમતનગર વર્તુળ કચેરીના અધિકારીઓ સાથે વાત કરી હિંમતનગર વિડીયોગ્રાફી જોવા મળશેનું જણાવતા યુવક હાલ વીડિયોગ્રાફી અને ન્યાયની માફક ફંગોળાઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો

ધવલ પ્રણામી નામના પરીક્ષાર્થીના જણાવ્યા અનુસાર યુજીવીસીએલની વિધુત સહાયકની પ્રેક્ટીકલ પરીક્ષામાં પોલ પર નિયમાનુસાર હું પોલ પર ૨૦ સેકેંડમાં ચઢી ગયો હોવા છતાં મને અગમ્ય કારણોસર નપાસ કરવામાં આવ્યો છે તેમજ નિયમાનુસાર પ્રેક્ટીકલ પરીક્ષામાં પોલ પર ચઢાવામા પ્રથમ પ્રયત્નમાં નિષ્ફળ રહેનાર પરીક્ષાર્થી નાપાસ જાહેર કરવામાં આવે છે તેમ છતાં કેટલાક યુવકોને બીજો પ્રયત્ન આપવામાં આવ્યો હતો ત્યારે નિયમનું ઉલ્લઘંન કરી જવાબદાર અધિકારીઓએ પ્રેક્ટીકલ પરીક્ષામાં ગેરરીતિ આચરી હોવાનો અહેસાસ અનુભવી રહ્યો હોવાથી રજુઆત માટે દરદર ભટકી રહ્યો છું પોલ કલાઈમબીંગ પરીક્ષામાં કરાતી વિડીયોગ્રાફીનું હાર્ડ ડીસ્કમાં થયેલ રેકોર્ડિંગની ચકાસણી કરવામાં આવે તો અનેક અધિકારીઓના પગ તળે રેલો આવી શકે છે નું ભાર પૂર્વક જણાવ્યું હતું અને આ રીતે ૧૦ થી વધુ યુવકો સામે અન્યાય થયો હોવાથી આગામી સમયમાં સમગ્ર ભરતી પ્રક્રિયાને કાયદાકીય રીતે પડકારવાનું આયોજન કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

# ગૌરીવ્રત : પાલડી પ્રા.શાળાના આચાર્ય દ્વારા ૪ શાળાઓમાં સુકા મેવાનું વિતરણ

બાયડ, તા. ૨૨

બાયડ તાલુકાના પાલડી પ્રા. શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશભાઈ એન.સોનીદ્વારા તાલુકની ૪ પ્રા. શાળાની ૧૦૦ થી વધુ કન્યાઓને ગૌરીવ્રત નિમિત્તે સૂકા મેવાનું વિતરણ કરતાં ખુશાલી જોવા મળી.

માનવસેવા, મુંગા પશુપક્ષીઓની સેવા અને કન્યા કેળવણીની અનોખી જયોત પંથકમાં પ્રજ્જવલીત કરનાર પ્રા. શિક્ષક ધર્મેશભાઈ સોની દ્વારા દર



વર્ષો ગૌરીવ્રત નિમિત્તે ૫૦૦ થી વધુ કન્યાઓને સૂકા મેવાનું વિતરણ કરવામાં આવે છે. ગૌરીવ્રત શરૂ થયું છે ત્યારે તેઓએ ગુરુવારથી પાલડી પ્રા. શાળા, જોધપુર પ્રા. શાળા, ચોઈલા પ્રા. શાળા નં. ૩ તથા ગેમાજીના મુવાડા પ્રા. શાળાની કન્યાઓને સૂકા મેવાનું વિતરણ કર્યુ હતું. કન્યાઓની સાથે શાળામાં અભ્યાસ કરતા કુમારોને પણ સૂકો મેવો બિસ્કિટ આપી દીકરીઓ ગૌરીવ્રત શા માટે કરે છે. તેમજ મહાદેવના સાનિધ્યમાં પૂજાનું મહત્ત્વ હોય છે તેની વિગતવાર માહિતી આપી હતી. જેમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડના સભ્યોનો પણ તેમને અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

# તલોદની બેંક ઓફ બરોડાના કર્મચારીને વિશિષ્ટ સન્માન



તલોદ, તા. ૨૧

સામાન્ય રીતે રાષ્ટ્રીયકૃત બેંક સાથે ગ્રાહકોના આર્થિક વ્યવહારો પ્રત્યે ફરિયાદો રહેતી હોય છે. પરંતુ તલોદની બેન્ક ઓફ બરોડાના કર્મચારીઓએ ગ્રાહકોને સંતોષપૂર્ણ કામગીરી આપી પ્રેમ અને વિશ્વાસ કેળવ્યો છે. જેથી બેંકના ૧૧૪માં સ્થાપના દિને આ કર્મચારીઓને વિશિષ્ટ સન્માન આપી ઉજવણીમાં મુખ્ય મહેમાન નિયુક્ત કરી બહુમાન કરેલ છે. તદ્ઉપરાંત તલોદના મહાનુભાવોએ આ કર્મચારીને મોમેન્ટો, શાલ ઓઢાડી સન્માન કરેલ છે. જયારે તલોદ પથકના આ બેંકના ગ્રાહકોએ આ કર્મચારીના થયેલા સન્માનને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

તલોદ મધ્યે આવેલ બેંક ઓફ બરોડાના કર્મચારી મનુભાઈ વાણીયા એ બેંકના ગ્રાહકોને અદકેરો પ્રેમ અને વિશ્વાસ હાંસલ કર્યો છે. ગ્રાહકો દ્વારા આ કર્મચારીની કાર્યશૈલીની રજૂઆત ઉચ્ચકક્ષાએ કરી બેંકના વિકાસમાં આ કર્મચારીનું વિશેષ યોગદાન હોવાનું પણ જણાવેલ છે. બેંકના મુખ્ય કચેરી દ્વારા બેંક ઓફ બરોડાના ૧૧૪માં સ્થાપના દિન પ્રસંગે આ કર્મચારીને મુખ્ય મહેમાન તરીકે નિયુક્ત કરી વિશિષ્ટ સન્માન સાથે બહુમાન પણ તાજેતરમાં કરેલ છે. વધુમાં બેંકના સ્થાપના દિન નિમિત્તે તેમના હસ્તે કેક કાપી તેમના આ કાર્યને બિરદાવવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં પીવાના પાણીનો કકળાટ

## શહેરના વોર્ડ નં-૯ માં આવેલા બેચરપુરા વિસ્તારમાં પીવાનું તેમજ ઘર વપરાશનું પાણી ન મળતા સ્થાનિકોમાં રોષ

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં ધરોઈ ડેમમાંથી પીવા તેમજ ઘર વપરાશ માટેનું પાણીનો જથ્થો પૂરો પાડતો હોય છે.ત્યારે શહેરના વોર્ડ નં-૯ વિસ્તારમાં આવેલા બેચરપુરા વિસ્તારના રહીશોને પીવા તેમજ ઘર વપરાશના પાણી માટે વલખા મારવાનો વારો આવતા સ્થાનિકોમાં રોષ ભભૂકયો છે.



છેલ્લા કેટલાય સમયથી પીવા માટે પાણી આવતું નથી અમે અનેક જગ્યાએ રજૂઆત કરી છે.મહત્વની વાત છે કે શહેરની પાલિકા દ્વારા અપાતા પીવા તેમજ ઘર વપરાશના પાણીનો પાલિકા દર વર્ષે વેરો વસુલતી હોય છે. છતાં પણ સ્થાનિકોને પાણી પૂરું ન પાડી શકતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર વિસ્તારમાં ત્રણ ચાર દિવસમાં એક વાર પાણી અપાય છે પરંતુ તે પણ દુષિત પાણી મળતા સ્થાનિકો આવા પાણીનો પીવામાં ઉપયોગ કરી શકતા નથી. જો કે સ્થાનિકોએ તંત્રને વારંવાર રજૂઆત કરી હોવા છતાં તંત્ર સ્થાનિકોની રજૂઆતો ધ્યાને ન લેતા સમસ્યા યથાવત રહી છે.જેને લઈ મહિલાઓ સ્થાનિક નગર સેવકો સહિત પાલિકાનો વિરોધ કર્યો હતો.

આ વિસ્તારમાં મોટાભાગના લોકો છૂટક મજૂરી કરી પેટીયું રળે છે.પરંતુ પીવા અને ઘર વપરાશનું પાણી ન મળતા લોકો ધંધા રોજગાર બંધ રાખી બાજુની સોસાયટીમાં પાણી આવવાના સમયે પહોંચી જવું પડે છે. જે લોકોના ઘરે મોટર છે તે લોકો તો મોટરથી પાણી ખેંચે છે પરંતુ જે લોકોના ઘરે મોટર નથી તે લોકોને પાણી વિના ટળવળવાનો વારો આવ્યો છે.જેને લઈ મહિલાઓને પાણી માટે દરદર ભટકવાનો વારો આવ્યો છે.વહેલી તકે પાલીકા દ્વારા પાણી તેમજ ભૌતિક સુવિધાઓ પુરી પડાઈ તેવી સ્થાનિક મહિલાઓ માંગ કરી રહી હતી.

## પૂર્વ ધારાસભ્યોએ સાજીશ રચ્યાનો આરોપ !!

# અરવલ્લી જિલ્લા ભા.જ.પા. સંગઠનને બદનામ કરવાનું મિશન

### ટિકીટ મેળવવા અત્યારથી હવાતિયાં, મામલે ફરીથી પ્રદેશમાં જશે

હિંમતનગર, તા. ૨૨

અરવલ્લી જિલ્લા ભા.જ.પા. સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલને પ્રદેશમાં બદનામ કરવાના કાવતરાની હવા નીકળી ગયા પછી પૂર્વ ધારાસભ્યએ હવે અન્ય સંગઠન હોદ્દેદારોને બદનમ કરવાનું મિશન આગળ વધાર્યું છે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં ટિકિટ મેળવવી અને મંત્રી બનવાના અભરખા રાખતા શેખચલ્લીએ જમીન ઉપર પગ રાખવાની જરૂર છે. પૂર્વ ધારાસભ્યની પક્ષ વિરોધી હરકતોનો મામલો ફરીથી પ્રદેશમાં જઈ શકે છે. જિલ્લા ભાજપ સંગઠનમાં સંગઠન પ્રમુખ અને તેમની ટીમ દ્વારા વિવિધ મોરચા તથા કારોબારી સમિતિમાં તમામ નિષ્ઠાવાન કાર્યકરોને સ્થાન આપ્યા પછી સત્તાલાલચુ બનેલી ભાજપાના કેટલાક કહેવાતા આગેવાનોએ શક્તિ પ્રદર્શનની કળા અપનાવી રાજેન્દ્ર પટેલ વિરુદ્ધ ગાંધીનગર જઈ રજૂઆતો કરી પરંતુ તેમની કારી ફાવી નહીં. અને અસંતુષ્ટો સામે જિલ્લામાં રોષ વધતાં હવે વિરોધીઓએ અન્ય સંગઠન હોદ્દેદારોને નિશાન બનાવવાની સાજીશ શરૂ કરી છે. પૂર્વ ધારાસભ્યના ઈશારે શરુ કરાયેલું આ અભિયાન ધારાસભ્યની ટીકીટ મેળવવાની પ્રેશર ટેકનિક હોવાનું જગજાહેર થયું છે. પરંતુ ભાજપાના સંનિષ્ઠ કાર્યકરો એ હવે નિર્ણય લીધો છે કે રાજેન્દ્ર પટેલ અને તેમની ટીમ સામે મોરચો માંડનારાઓને ઘરનો રસ્તો બતાવી દેવો. પૂર્વ ધારાસભ્ય અને તેમના મળતીયાઓના કરતૂતો તેમજ ગ્રાન્ટો મેળવવા કેવા કીમિયા અખત્યાર કરાય છે તે અંગે પ્રદેશમાં ગંભીર રજૂઆત થશે તેવું જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા - અરવલ્લીમાં વ્યાજખોરનો વધતો ત્રાસ...!

### પોલીસની કામગીરી શંકાસ્પદ, ફાયદો ઉઠાવતી હોવાની ચર્ચા

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટ્યું છે પરંતુ વ્યાજખોરોનો ત્રાસ વધવાની લેખિત ફરિયાદ કેટલાક પોલીસ સ્ટેશન સુધી પહોંચી છે. પોલીસ માટે આવી ફરિયાદ કમાઉ દીકરો બની ગઈ છે અને અનેક લાલચુ પોલીસકર્મી આવી ફરિયાદનો ફાયદો ઉઠાવતા હોવાની ગરમાગરમ લોકચર્ચા સાંભળવા મળી છે.

વ્યાજકોરોના ત્રાસથી જિલ્લામાં અનેક લોકોએ આત્મહત્યા કર્યા પછી પોલીસ સ્ટેશનોમાં સ્યુસાઈડ નોટના આધારે આવા મામલા સમેટાઈ ગયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના ડંખમાંથી બહાર આવેલા વ્યાજખોર ફરી સક્રિય થઈ જઈ અગાઉ વ્યાજે આપેલ પૈસાનાં ઉબલખીયાં ચિઠાં આપી પૈસાની ઊઘાડી લૂંટ શરૂ કરી છે. વ્યાજનું વ્યાજ અને વટાવની તગડી રકમ ખંખેર્યા પછી પણ બાકી પૈસા માટે પઠાણી ઉઘરાણી શરૂ થતાં છેલ્લા ૧ મહિનામાં વ્યાજખોરની ફરિયાદો વધી છે અને આત્મહત્યા તથા પ્રયાસના ગુનામાં ઉછાળો આવ્યો છે. કેટલાક કિસ્સામાં વ્યાજે લીધેલા પૈસા પરત ન આપવા પડે તે માટે ત્રાગાં થઈ રહ્યાના પણ આક્ષેપ સાંભળવા મળે છે. પરંતુ આ બધી બાબતોમાં ફાયદો માત્રને માત્ર પોલીસને થઈ રહ્યો છે. કહેવત છે ઊંટ છોડે આકડો, બકરુ છોડે કાંકરો...!!

# પોલીસ ક્વાટર્સમાં પંખા પર લટકી ગળે ફાંસો ખાધો જીવન ટુંકાવ્યું

## ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા કર્મીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ભિલોડા, તા.૨૨

છેલ્લા ઘણા વર્ષોથી માણસોની સહન શક્તિ એકા-એક ઘટતા આપઘાતના બનાવો દિન-પ્રતિ-દિન વધવા પામ્યા છે.પોલીસના ચોપડે અવનવા બનાવો સતત નોંધાઈ રહ્યા છે ત્યારે સમાજ માટે પણ ચિંતાનો વિષય છે.આજે વધુ એક આપઘાતનો બનાવ પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી હતી.ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મીના આપઘાતનો બનાવ પ્રકાશમાં આવતા ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.મહિલા પોલીસ કર્મીએ કોઈ પણ અગમ્ય કારણોસર પોતાના સરકારી પોલીસ ક્વાટર્સમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ જીવન લીલા ટુંકાવી દેતા અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડયું છે.મહિલા પોલીસ કર્મીના પતિ એસ.આર.પી. જવાન તરીકે રાજસ્થાન રાજ્યના જયપુર શહેરમાં ફરજ બજાવી રહ્યા છે.



ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૨૯ વર્ષીય મંગુબેન નિનામા,પોલીસ કર્મીએ પોલીસ લાઈનના ક્વાટર્સમાં દુપટ્ટો સીલીંગ પંખા પર બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું.મહિલા પોલીસ કર્મીનો આપઘાતનો બનાવ પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી હતી.મહિલા પોલીસ કર્મીનો મૃતદેહ કોટેઝ હોસ્પિટલમાં પી.એમ. અર્થે ખસેડાયો ત્યારે સગાં-સબંધીઓ,પોલીસ કર્મીઓ સહિત લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.મહિલા પોલીસ કર્મીએ યુવાન વયે આપઘાત કરીને જીવન ટુંકાવ્યું હોય તે સંદર્ભે પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજના વદરાડની સગીરાને ભગાડી જતા પોલીસ ફરીયાદ થઈ

### સગીરાના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી : સસરા, સાળોનો પુત્ર સહિત અન્ય એક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ૨ : સગીરાના પિતાની ફરિયાદને લઈને પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ગામની સગીરવય ની યુવતીને ભગાડી જતા સગીરાના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજના વદરાડ ખાતે રહેતા જીગ્નેશભાઈ ભરતભાઈ બારોટ કે જેવોએ ઓગણીસ વર્ષ અગાઉ આરતી બેન ભાયાભાઈ રાઠોડ રહે. ટીમાણા તા.તળાજા , જી. ભાવનગર સાથે પ્રેમ લગ્ન કરેલ હોય જેને લઈ ને સસરા ભાયાભાઈ ગલાભાઈ રાઠોડ ને મનદુઃખ હોય અને અવરનવર મારી દિકરી ને ભગાડી લઈ જવાની અને મારા સાળાના દિકરો પિન્ટુ સાથે લગ્ન કરી દેવાની ધમકીઓ પણ આપતા અને મારી દીકરી ની ઉમર-૧૬ વર્ષ ૬ માસ ૧૩ દિવસ ની હોવાનુ જાણતા હોવા છતાંય પિન્ટુ દિનેશભાઈ રાઠોડ સાથે લગ્ન કરાવી દેવાના ઈરાદે દિકરીનુ અપહરણ કરી ભગાડી લઈ ગયેલ હોવાની નામ જોગ પોલીસ ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે સસરા ભાયાભાઈ ગલાભાઈ રાઠોડ તથા સાળાનો છોકરો પિન્ટુ દિનેશભાઈ રાઠોડ તથા રાહુલ દેવશીભાઈ રાઠોડ દ્વારા પિન્ટુ સાથે લગ્ન કરવાના ઈરાદે સગીરવય ની હોવાનુ જાણતા હોવા છતાંય અપહરણ કરી ભગાડી લઈ જતા સગીરા ના પિતા જીગ્નેશભાઈ ભરતભાઈ બારોટ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં સસરા ભાયાભાઈ ગલાભાઈ રાઠોડ , સાળાનો દિકરો પિન્ટુ દિનેશભાઈ રાઠોડ તથા રાહુલ દેવશીભાઈ રાઠોડ ત્રણેય રહે.ટીમાણા , તા.તળાજા , જી.ભાવનગર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ.ત્રિવેદી દ્વારા હાથ ધરવામા આવી છે.

# બનાસકાંઠા જમીન વિકાસ બેંકની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનું ફોર્મ માન્ય

### ફોર્મ રદ કરાવવા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યના ધમપછાડા હેઠા પડ્યાઃ જિલ્લાના એક ડિરેક્ટરની ચૂંટણીના ખરાખરીના જંગના મંડાણ

ડીસા, તા. ૨૨

ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેકના બનાસકાંઠા જીલ્લા ડીરેક્ટર તરીકે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના કલ્યાણ રબારી વચ્ચે જંગ જામ્યો છે. કલ્યાણ રબારીનું ફોર્મ રદ કરાવવા ધમપછાડા પછી પણ માન્ય રહેતાં કોંગ્રેસની છાવણીમાં હડકંપ મચી જવા પામ્યો છે. ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેંક (ખેતી બેંક) ના બનાસકાંઠા જીલ્લા ડીરેક્ટર તરીકે છેલ્લાં ૨૦ વર્ષથી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ છે પરંતુ હાલમાં ચાલી રહેલી ચૂંટણીમાં સૌપ્રથમવાર ગોવાભાઈ દેસાઈ સામે ભાજપના યુવા આગેવાન કલ્યાણ રબારીએ ઉમેદવારી નોધાવી છે. ખેતી બેકમાં અડીગો જમાવીને બેસી રહેલાં ગોવાભાઈ દેસાઈએ ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ કરાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું પરંતુ હંમેશાં સત્યનો વિજય જ થાય છે.ફોર્મ રદ કરાવવા માટે ગોવાભાઈ દેસાઈએ વાંધો રજૂ કર્યો હતો પરંતુ ચૂંટણી અધિકારી દ્વારા તમામ પાસાઓ ચકાસીને કલ્યાણ રબારીનું ફોર્મ માન્ય રાખ્યું હતું.


## જન્મદિને વધામણી



ઠાકોર મંથન સાગરભાઈ
શિલ્પા મંડપ ડેકોરેશન
બાયડ જી.અરવલ્લી



સર્વે જીતેન્દ્ર રાઠોડ
બાયડ જી.અરવલ્લી



ઈવા ભુવન કુમાર પટેલ
અમદાવાદ ( ભદ્રેશર)



ધારા ભરતભાઈ પંચાલ
પાવન રેસીડેન્સી,
બાયડ જી. અરવલ્લી



દિપેશ કુમાર એમ. જોશી
૧૫ વિવેકાનંદ સોસાયટી
બાયડ જિ. અરવલ્લી



જતિન કુમાર અશોકભાઈ પટેલ
બાયડ જી.અરવલ્લી

ઘરમાં રહો, સુરક્ષિત રહો